# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 14-Dec-2024 સવારે : 7.10 થી 7.20

1) રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી નિમિત્તે આજે રાજ્યમાં લોકજાગૃતિના કાર્યક્રમો યોજાશે.
2) રાજ્ય સરકારે વડી અદાલતમાં જણાવ્યું કે, રાજ્યમાં બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના કરવામાં આવી છે.
3) રાજ્યભરમાં રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા 22 ડિસેમ્બરે યોજાશે.
4) ન્યૂ જર્સીનાં લેફ્ટનન્ટ ગવર્નરે ન્યૂ જર્સી અને ગુજરાત વચ્ચે થયેલા સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટને આગળ ધપાવવા ઉત્સુકતા વ્યક્ત કરી
5) રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત્: છેલ્લા 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં સરેરાશ 3 ડિગ્રીનો ઘટાડો નોંધાયો.

## National Energy Conservation Day

રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી નિમિત્તે આજે રાજ્યમાં લોકજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્ષ 2023-24માં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સંલગ્ન વીજ કંપનીઓ દ્વારા ઊર્જા સંરક્ષણ અંગે લોકજાગૃતિ માટે 5 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો હતો. રાજ્ય સરકાર વર્ષ 2024-25માં ઉર્જા સંરક્ષણ માટે 24 કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ..

*(વોઇસ-કાસ્ટ)*

*વિશ્વમાં દર વર્ષે વધતી જતી વસ્તીની સાથે ઉર્જાની માંગ વધી રહી છે. કોલસો, ઇંધણ, ક્રુડઓઇલ, કુદરતી ગેસ જેવા વિવિધ સ્ત્રોત દ્વાર ઉર્જા ઉપલબ્ધ થાય છે. પરંતુ દિનપ્રતિદિન આ સ્ત્રોતની માંગ વધતા કુદરતી સંસાધનોમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. આપણી આવનારી પેઢીના ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઉર્જાનું સંરક્ષણ કરવું ખૂબ જ જરૂરી બની ગયું છે. જે અંતર્ગત દેશમાં ઉર્જા સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા ભારત સરકારના પાવર મંત્રાલયના બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા દર વર્ષે 14મી ડિસેમ્બરે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આજે રાજયમાં ઉર્જા સંરક્ષણમાં જાગૃતિ ફેલાવવા માટે રેલીઓ, પરિસંવાદો, શેરીનાટકોનું આયોજન કરવામાં આવ્યું છે. અજય ઇન્દ્રેકર, સમાચાર વિભાગ અમદાવાદ.*

.................

## NARMADA VIKASKARYA BETHAK

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતો વિભાગના સંયુક્ત સચિવ અને મહત્વાકાંક્ષી નર્મદા જિલ્લાના કેન્દ્રીય પ્રભારી સચિવ રવિકુમાર અરોરાની અધ્યક્ષતામાં MPLADS એટલે કે, સંસદના સભ્યો સ્થાનિક વિસ્તાર વિકાસ યોજનાઓ અંતર્ગત વિકાસકામોની સમીક્ષા બેઠક યોજાઈ ગઈ.

દરમિયાન પ્રભારી સચિવે બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને જિલ્લામાં શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે જરૂરી માળખાકીય સુવિધા અને સૉલાર રૂફટોપ યોજના અંતર્ગત આગામી સમયમાં હાથ ધરવાની થતી કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લામાં સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરના અનુદાનમાંથી અને CSR પ્રવૃત્તિ હેઠળ અનેક કાર્ય થઈ રહ્યાં છે. ત્યારે વિદેશમંત્રી દ્વારા દત્તક લેવાયેલા 5 ગામમાં ભૌતિક સુવિધા પ્રદાન કરવાના કાર્યોની સમીક્ષા કરવામાં આવી.

.................

## CHILD RIGHTS COMMISSION

રાજ્યમાં બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના કરવામાં આવી છે, જેમાં એક અધ્યક્ષ અને છ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે અને અધ્યક્ષ ત્રણ વર્ષ સુધી હોદ્દા પર રહેશે. તેમ એડવૉકેટ જનરલે ગઇકાલે ગુજરાત વડી અદાલતમાં જણાવ્યું હતું.

અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, વડી અદાલતમાં ગઈકાલે મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગરવાલ અને ન્યાયાધીશ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ એક

સંસ્થા દ્વારા કરાયેલી જાહેરહિતની અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. દરમિયાન એડવૉકેટ જનરલે રાજ્યમાં બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના કરવામાં આવી હોવાનું અદાલતને જણાવ્યું હતું. રાજ્ય સરકારે જણાવ્યું કે, બાળ સુરક્ષા નીતિ યુનિસેફને તેમના સૂચનો માટે મોકલવામાં આવી છે. વડી અદાલતે આ નીતિ વધુ દ્રઢ બનાવવા અને આ મુદ્દે કામ કરતી સંસ્થાઓના અભિપ્રાય લેવા પણ સૂચન કર્યું હતું.

.................

## CHC DIGITALISATION

અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત જાહેર આરોગ્ય કેન્દ્ર- CHCમાં ટેસ્ટ રિપોર્ટ સહિત આરોગ્ય તપાસના રિપોર્ટને ડિજિટલ કરાયા છે. મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું કે, CHCમાં 30થી વધુ અલગ અલગ ટેસ્ટ કરવામાં આવે છે. દર્દીઓને હવે ઑનલાઈન માધ્યમથી ટેસ્ટ રિપોર્ટ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ માટે નવું સૉફ્ટવેર પણ તૈયાર થઈ રહ્યું છે, જેનાથી એક વખત દર્દી સારવાર લેવા આવે ત્યારબાદ તેની સારવાર અંગેની મેડિકલ હિસ્ટ્રી સરળતાથી મળી રહેશે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં શહેરના 12 જેટલા CHC પર જે લેબ ટેસ્ટ કરાય છે. તેના રિપોર્ટ દર્દીઓને સોશિયલ મીડિયાના માધ્યમથી મોકલવામાં આવશે.

.................

## STATE TAX INSPECTOR EXAME

રાજ્યભરમાં આગામી 22 ડિસેમ્બરે રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા યોજાશે.

ગૂજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું કે, રાજ્યના 754 કેન્દ્રો પર એક લાખ 85 હજાર ઉમેદવાર આ પરીક્ષા આપશે. આ વખતે પરીક્ષાની સલામતી માટે પહેલી વાર બાજુના જિલ્લામાં પરીક્ષા કેન્દ્ર આપવામાં આવ્યા છે. રાજ્યમાં માત્ર 10 પરીક્ષા કેન્દ્રો તાલુકા મથકે રખાયા છે.

દિવ્યાંગ ઉમેદવારો માટે તેમના જિલ્લામાં જ પરીક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે ગેરરીતિને રોકવા ઉત્તરવહીમાં સહીની સાથે અંગૂઠાનું નિશાન લેવાશે. એસટી વિભાગને પરીક્ષાના દીવસે વધુ બસ ફાળવવાની પણ સૂચના આપવામાં આવી છે.

(બાઇટ – હસમુખ પટેલ – અધ્યક્ષ, GPSC)

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.................

## GANDHINAGAR – AVASAR YOJANA

ગાંધીનગર મહાનગરપાલિકા અટલ વૃદ્ધ સહાય આરોગ્ય રથ યોજના એટલે કે અવસર યોજનાને કાર્યરત કરવા જઈ રહી છે. જે અંતર્ગત 60 વર્ષથી વધુ વયના લોકોને આરોગ્ય તપાસ કરીને પ્રાથમિક સારવાર અપાશે. લાભાર્થીઓ આધાર કાર્ડની એક નકલ સાથે રાખીને અરજી ભરીને નજીકના શહેરી આરોગ્ય કેન્દ્રમાં નોંધણી કરાવી શકશે. આ અંગે ગાંધીનગરનાં મેયર મીરાં પટેલે માહિતી આપી હતી.

(બાઇટ – મીરાં પટેલ, ગાંધીનગર મેયર)

.................

## CM NEW JERSEY LT GOV. BETHAK

ન્યૂ જર્સીનાં લેફ્ટનન્ટ ગવર્નર તાહેશા વેનીએ ગઈકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. દરમિયાન સુશ્રી વેનીએ ન્યૂ જર્સી અને ગુજરાત વચ્ચે થયેલા સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટને આગળ ધપાવવા ઉત્સુકતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, આના પરિણામે બંને રાજ્ય વચ્ચેનો સંબંધ સુદ્રઢ બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ન્યૂ જર્સી અને ગુજરાત વચ્ચે સાંસ્કૃતિક, આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રે આદાનપ્રદાન વધુ સંગીન બનાવવાની નેમ વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, ન્યૂ જર્સીના આ ક્ષેત્રના લોકો ગુજરાત સાથે સંપર્ક સેતુ જાળવી શકે તે માટે ઈન્ડેક્સ્ટ-બી નોડલ કોન્ટેક્ટ પોઇન્ટ તરીકે કાર્ય કરશે.

ન્યૂ જર્સીનાં લેફ્ટનન્ટ ગવર્નરે ગુજરાત સાથે તમામ ક્ષેત્રમાં સહયોગ અને રોકાણોની સંભાવનાઓ તેમજ ગ્રીન હાઈડ્રોજન, પુનઃપ્રાપ્ય ઊર્જા, પવન ઊર્જા અને નવીનતાના ક્ષેત્રમાં પરસ્પર રોકાણ અને વિકાસની સંભાવનાઓ અંગે ચર્ચા કરી હતી. બંને નેતાઓએ પીપલ ટૂ પીપલ કનેક્ટને વધુ મજબૂત બનાવવાની તત્પરતા દર્શાવતા એરિયા ઑફ મ્યુચ્યુઅલ ઇન્ટરેસ્ટ આઈડેન્ટીફાય કરવાની હિમાયત કરી હતી.

.................

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી 5 દિવસ દરમિયાન રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર ન થવાની આગાહી કરી છે. રાજ્યમાં ગત 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં સરેરાશ ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં ગઈકાલે સૌથી ઓછું 8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું. જ્યારે જુનાગઢના કેશોદમાં 10, કંડલા હવાઈમથક પર 11, ભુજમાં 12, અમદાવાદ અને અમરેલીમાં 13, સુરેન્દ્રનગર અને કંડલા બંદર પર 14, ભાવનગરમાં 15 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમન નોંધાયું હતું.

.................

## Ahmedabad Civil New Hospital

અમદાવાદ સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડૉક્ટર રાકેશ જોશી જણાવ્યું કે, હોસ્પિટલમાં આગામી સમયમાં એક હજાર ચારસો પથારીવાળી હોસ્પિટલ શરૂ થશે.

અમદાવાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ શ્રી જોશીના નિવેદનને ટાંકીને જણાવે છે કે આ એક હજાર ચારસો પથારીવાળી હોસ્પિટલ અત્યાધુનિક સાધનોથી સજ્જ હશે. તેમાં તમામ સુવિધાઓ, અત્યાધુનિક ટેક્નોલોજીવાળા મશીનો ધરાવતી ઓપીડી હશે અને તબીબોને તેમના કાર્ય માટે અલગ અલગ જગ્યા પણ ફાળવવામાં આવશે.

.................